એક્સાઈઝ ડ્યુટીમાં રાહતની શકયતા

નવી દિલ્હી,તા. ૧૯

કેન્દ્રીય બજેટમાં એક્સાઇઝ ડ્યુટીમાં રાહત મળી શકે છે. ઉપરાંત સરકાર સર્વિસ ટેક્સના દરોમાં કાપ મુકી શકે છે. સર્વિસ ટેક્સ ઉપર લાગી રહેલા એજ્યુકેશન સેસને પણ દૂર કરવામાં આવી શકે છે. આનાથી સરકારને વધારે ફાયદો થઇ રહ્યો નથી. આ સેસના પરિણામ સ્વરુપે સર્વિસ ટેક્સ ૧૨.૩૬ ટકા છે. કુલ સર્વિસ ટેક્સ ઉપર ૦.૩૬ ટકા સેસ લાગે છે. ઉપરાંત સિક્યોરિટી ટ્રાન્જેક્શન ટેક્સ (એસટીટી) અને કેપિટલ ગેઇન ટેક્સના નિયમોમાં કોઇ ફેરફાર ન થયા તેવી પણ શક્યતા છે. સર્વિસ ટેક્સની સાથે સાથે એક્સાઇઝ ડ્યુટીમાં પણ ઘટાડો થઇ શકે છે. જીએસટી લાગૂ કરવાને લઇને દુવિધા અકબંધ રહી છે. જીએસટીના દર ૧૬ અથવા ૧૭ ટકા રહેવામાં કોઇ તકલીફ ન પડે તે મુખ્ય હેતુ છે.સામાન્ય બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂણ જેટલીના બજેટને લઇને ચર્ચા શરૂ થઇ ગઇ છે. વિશ્વસનીય સુત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ મોદી સરકાર બજેટ રજૂ કરતી વેળા આ વખતે મેક ઇન ઇન્ડિયા કોન્સેપ્ટ પર ખાસ નજર રાખશે. બજેટમાં એક્સાઇઝ ડ્યુટીમાં મોટી રાહતો મળી શકે છે. ભારતમાં ઉત્પાદન કરવા અને વિદેશી અથવા તો સ્થાનિક કંપનીઓને કોઇ તકલીફ ન પડે તેની ખાતરી કરવામાં આવનાર છે. બજેટમાં ઓછી એક્સાઝિ ડ્યુટીનો લાભ લઇ શકાય તે માટે પ્રયાસ કરાશે. ઉપરાંત ઇકોનોમી માર્કેટને લાભ મળી શકે તોવો હેતુ રાખવામાં આવી રહ્યો છે. સરકાર દરેક બજેટમાં સર્વિસ ટેક્સની જાળને વધુ વિસ્તૃત કરે છે. આ પરંપરાને જાળવી રાખવાની બાબત આ વખતે સરળ રહેશે નહી.

કારણ કેહાલમાં બ્લેક લિસ્ટમાં જેટલી સેવા છે તેને છોડીને બાકી સેવા પર ટેક્સ છે. સર્વિસ ટેક્સ રેટમાં ઘટાડો કરવામાં આવી શકે છે. સુત્રોએ કહ્યું છે કે સર્વિસ ટેક્સ પર લાગેલા એજ્યુકેશન સેસને દુર કરવામાં આવી શકે છે. બજેટમાં એસટીટી અને કેપિટલ ગેઇન ટેક્સના નિયમોમાં કોઇ ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા ઓછી છે. બજેટમાં સામાન્ય લોકો અને કારોબારી કેટલીક અપેક્ષા રાખે છે. ફેબ્રુઆરી મહિનામાં દર વર્ષે સરકારના રેલવે બજેટ અને ત્યારબાદ સામાન્ય બજેટ પર લોકોની નજર રહે છે. કારણ કે બન્ને બજેટમાં લોકો માટે કેટલીક મહત્વપૂર્ણ ચીજો જાહેર કરવામાં આવે છે. આ વખતે કેન્દ્ર સરકાર પાસેથી મોટી અપેક્ષા લોકો રાખી રહ્યા છે. કારણ કે સરકાર સંપૂર્ણ બહુમતિ ધરાવે છે. આવી સ્થિતીમાં લોકોને મોટા ફાયદા મળી શકે છે.બજેટ પર હવે તમામની નજર કેન્દ્રિત થઇ ગઇ છે.

નિફ્ટી ૨૬ પોઇન્ટના ઉછાળા સાથે બંધ રહ્યો

સેંસેક્સ ૧૪૨ પોઈન્ટ સુધરી ૨૯૪૬૨ની ઉંચી સપાટીએ

મુંબઈ,તા. ૧૯

શેરબજારમાં આજે સતત સાતમાં સેશનમાં પણ તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૧૪૨ પોઈન્ટ ઉછળીને ૨૯૪૬૨ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૬ પોઈન્ટ ઉછળીને ૮૮૯પની સપાટીએ રહ્યો હતો. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ ઈક્વિટીમાં નેટ ખરીદી કરી છે. તેઓએ બુધવારના દિવસે ૨૧૮૮ કરોડની કિંમતની ઈક્વિટીની ખરીદી કરી હતી. મેટલ ઈન્ડેક્સમાં ૩.૮ ટકાનો ઉછળો નોંધાયો હતો. કેપિટલ ગુડ્ઝ, આઈટી, પાવર ઈન્ડેક્સમાં સુધારો રહ્યો હતો. જ્યારે બેંકેક્સ અને એફએમસીજી ઈન્ડેક્સમાં ઘટાડો નોંધાયો હતો. જિંદાલ સ્ટીલ અને પાવરમાં ક્રમશઃ આશરે ૨૬ ટકાનો ઉછળો નોંધાયો હતો. કંપનીએ કેટલાક નવા કોન્ટ્રાક્ટ મેળવી લીધા છે તેવા અહેવાલ વચ્ચે આ ઉછાળો નોંધાયો હતો. જ્યારે મેટલના શેરમાં સેસા સ્ટરલાઇટમાં સાત ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. જેએસડબલ્યુ સ્ટીલમાં ૬.૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ટાટા સ્ટીલમાં ૨.૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. હાઉસિંગ ફાયનાન્સની મહાકાય કંપની એચડીએફસીમાં ૧.૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. જો કે, એક્સિસ બેંક અને એસબીઆઈ,આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં ઘટાડો નોંધાયો હતો. સેંસેક્સના અન્ય જે શેરમાં ઘટાડો નોંધાયો હતો તેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રી અને સન ફાર્માનો સમાવેશ થાય છે. બ્રોડર માર્કેટમાં હકારાત્મક સ્થિતિ સાથે ફ્લેટ કારોબાર રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ મંદીમાં રહી હતી. ૧૫૦૭ શેરમાં મંદી અને ૧૩૦૮ શેરમાં તેજી જામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે સતત છઠ્ઠા દિવસે તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ બુધવારે ૧૮૪ પોઈન્ટ ઉછળીને ૨૯૩૨૦ અને નિફ્ટી ૬૦ પોઈન્ટ ઉછળીને ૮૮૬૯ની સપાટીએ રહ્યો હતો. ગઈકાલે બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૦.૯ અને એક ટકાનો ઉછળો રહ્યો હતો. બુધવારે બીએસઈમાં માર્કેટ બ્રીડ્થ હકારાત્મક રહી હતી. ૧૬૩૦ શેરમાં તેજી અને ૧૨૮૭ શેરમાં મંદી રહી હતી.

ભાજપ પાસેથી મુખ્ય વિરોધ પક્ષનો દરજ્જો આંચકી લેવાયો

માંઝીના આજના શક્તિ પરીક્ષણ પહેલા રાજકીય દાવપેચોનો દોર

પટણા,તા. ૧૯

બિહાર વિધાનસભામાં આવતીકાલે જીતનરામ માંઝીના શક્તિ પરીક્ષણ પહેલા રાજકીય દાવપેચ વધુ તીવ્ર થઇ ગયા છે. એકબાજુ બિહાર વિધાનસભામાં જેડીયુએ ભાજપ પાસેથી મુખ્ય વિરોધ પક્ષના દરજ્જાને આંચકી લીધો હતો જ્યારે ભાજપે પણ માંઝીને સાથ આપવાનો સંકેત આપ્યો હતો. ભાજપના પ્રવક્તા શાહનવાઝ હુસૈને કહ્યું હતું કે, ભાજપના સભ્યો સંપૂર્ણપણે તેમની સાથે છે. નીતિશ કુમાર ઉપર એક મહાદલિતના અપમાનનો શાહનવાઝે આક્ષેપ કર્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે, મહા દલિત સમુદાયમાંથી આવતા જીતનરામ માંઝીને અપમાનિત કરવામાં આવી રહ્યા છે જે યોગ્ય નથી. ભાજપ આનું સમર્થન કરશે નહીં. આવતીકાલે વિશ્વાસમત ઉપર ભાજપના ધારાસભ્યોને સાફ સૂચના આપી દેવામાં આવી છે. ભાજપના ધારાસભ્યોનું કહેવું છે કે, પાર્ટીને માંઝીનું સમર્થન કરવું જોઈએ. તેમણે કહ્યું હતું કે, સાંજે ભાજપ ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. શાહનવાઝે બિહાર વિધાનસભામાં

ભાજપ પાસેથી મુખ્ય વિરોધ પક્ષના દરજ્જાને આંચકી લેવાના મુદ્દે પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. સ્પીકરને જેડીયુના એજન્ટ તરીકે ગણાવીને શાહનવાઝે કહ્યું હતું કે, સ્પીકરની ઓફિસ જેડીયુની ઓફિસ બની ગઇ છે. ભાજપ માંઝીના સમર્થનમાં છે ત્યારે વિધાનસભામાં મુખ્ય વિરોધ પક્ષના દાવા કઇ રીતે કરી શકે છે તેવા પ્રશ્નના જવાબમાં નીતિશને ચૂંટણીની યાદ અપાવી હતી. તેમણે કહ્યું હતું કે, રાષ્ટ્રપતિની ચૂંટણીમાં નીતિશકુમારે એનડીએના વલણની બિલકુલ વિરુદ્ધમાં યુપીએનો સાથ આપ્યો હતો પરંતુ આનાથી તેઓ સત્તાપક્ષમાં બેસવા લાગ્યા ન હતા. જેડીયુના બળવાખોર ધારાસભ્ય મત આપી શકશે નહીં. દરમિયાનમાં બિહાર હાઈકોર્ટે માંઝીને મોટો ઝટકો આપી દીધો હતો અને ચાર બળવાખોર જેડીયુના ધારાસભ્યોને વિશ્વાસમત દરમિયાન મત ન આપવાનો આદેશ કર્યો હતો. બીજી બાજુ પટણા હાઈકોર્ટે સ્પીકર ઉદયનારાયણ ચૌધરીને દૂર રાખવા પ્રધાન વિનય બિહારી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. બિહાર વિધાનસભા કાઉન્સિલ ગૃહમાં વિપક્ષના નેતા તરીકે નીતિશકુમારને માન્યતા આપી છે. આજે બેઠકોનો દોર ચાલ્યો હતો. બીજી બાજુ ધારાસભ્યોને એકબીજાની તરફેણમાં લેવાના પ્રયાસો પણ જારી રહ્યા હતા. બિહારમાં ૨૪૩ સભ્યોના ગૃહમાં ભાજપ પાસે ૮૮ સભ્યો છે. સંખ્યાબળ હાલમાં ઘટીને ૨૩૪ થયું છે. સૌથી પહેલા ૧૨ ભાજપ ધારાસભ્યોએ માંઝી માટે મત આપવાની વાત કરી હતી. શક્તિ પરીક્ષણ ઉપર તમામની નજર રહેશે. સભ્યોને પોતાની તરફેણમાં કરવા ધારાસભ્યોને પ્રધાનપદની ઓફર થઇ હોવાના અહેવાલ પણ મળ્યા છે. જો કે, આ અહેવાલને સમર્થન મળી રહ્યું નથી.

સંઘ સંસ્થાકીય માળખામાં મોટા ફેરફારો કરવા તૈયાર

નવીદિલ્હી,તા. ૧૯

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સંસ્થાકીય માળખાને વધુ અસરકારક બનાવવાની તૈયારીમાં છે. ધરખમ ફેરફારના ભાગરુપે યુવાનોને હિન્દુ સંગઠનને મજબૂત કરવા માટેની ચાવીરુપ જવાબદારી સોંપવામાં આવશે. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સંઘ પરિવાર માર્ચ મહિનામાં તેના નવા કારોબારીઓની પસંદગી કરનાર છે. નવા જનરલ સેક્રેટરીની પણ આગામી મહિનામાં નિમણૂંક કરવામાં આવનાર છે. દત્તાત્રેય હોસાબલે હોદ્દા માટે સૌથી પ્રબળ દાવેદાર તરીકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સૌથી નજીકના ગણાતા દત્તાત્રેય સંઘ પરિવારને નવા યુગમાં લઈ જવાના પ્રયાસ કરશે જેમાં યુવાન લોકોને સંસ્થા ઉપર અંકુશ માટે વધારે જવાબદારી સોંપવામાં આવશે. જનરલ સેક્રેટરી તરીકેની ચૂંટણીના કાર્યક્રમમાં હોસાબલે ભૈયાજી જોશીની જગ્યા લેશે. તેમની અવધિ માર્ચ મહિનામાં પુરી થઈ રહી છે. અંગ્રેજી સાહિત્યમાં પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલા દત્તાત્રેય હાલમાં સુરેશ સોની અને કૃષ્ણ ગોપાલ સાથે સંઘમાં સંયુક્ત જનરલ સેક્રેટરી તરીકે છે. જનરલ સેક્રેટરી તરીકે તેમની એક વખત નિમણૂંક થઈ ગયા બાદ એસ રંજન જોઈન્ટ સેક્રેટરી બને તેવી શક્યતા છે. રંજન હાલમાં સંઘના બિહાર ઈન્ચાર્જ તરીકે છે. હોસાબલે આરએસએસમાં ઘણા સમયથી સક્રિય રહેલા છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ઓર્ગોનાઈઝિંગ સેક્રેટરી તરીકે પણ તેઓ કામ કરી ચુક્યા છે. જનરલ સેક્રેટરીના હોદ્દા ઉપર તેમની નિમણૂંકથી સંઘ પરિવાર અને ભાજપ વચ્ચે સંકલન વધે તેવા સંકેત છે. રસપ્રદ બાબત એ છે કે, કેટલાક ટોપ નેતાઓ એબીવીપીના સભ્ય રહી ચુક્યા છે. ટોપ આરએસએસ લીડરશીપ માને છે કે, દત્તાત્રેયના આક્રમક અને સ્પષ્ટ અભિપ્રાય તથા ક્લિન ઈમેજથી સંઘના ચહેરાને બદલી શકાશે. સાથે સાથે એકંદરે સંઘને મજબૂત પણ કરી શકાશે. દર મહિને સંઘમાં સાત હજાર લોકો જોડાઈ રહ્યા છે. તેની સેન્ટ્રલ લીડરશીપ માને છે કે, દત્તાત્રેયની જનરલ સેક્રેટરીના હોદ્દા પર નિમણૂંકથી યુવા લોકો આકર્ષિત થશે. જેનો સીધો ફાયદો ભાજપને થશે. યુરોપમાં સંઘની વિચારધારા દત્તાત્રેયના લીધે લોકપ્રિય થઈ છે.

તત્કાલ ટિકિટ રદ કરાય તો નાણા પરત મળવા જોઈએ

નવી દિલ્હી,તા. ૧૯

કેન્દ્રમાં મે મહિનામાં સત્તામાં આવેલી મોદી સરકાર પ્રથમ વખત પ્રથમ બજેટ રજૂ કરનાર છે. વર્ષોથી ગઠબંધન સરકારો સામાન્ય અને રેલવે બજેટ રજૂ કરતી રહી છે પરંતુ આ વખતે સ્થિતી અલગ છે. આવી સ્થિતીમાં સામાન્ય લોકો મોટી અપેક્ષા રાખી રહ્યા છે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુ ૨૬મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરનાર છે. જેમાં તેઓ કેટલીક લોકલક્ષી જાહેરાતો કરી શકે છે. બજેટ રજૂ કરવામાં આવે તે પહેલા હાલમાં એક અગ્રણી સંસ્થા દ્વારા હજારો લોકોને આવરી લઈને સર્વેની કામગીરી હાથ ધરી હતી જેમાં લોકો રેલવે બજેટથી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૬૮૫૪ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. લોકોએ તેમની ઈચ્છા રજૂ કરી હતી. જે મુજબ મોટા ભાગના રેલવે યાત્રીઓએ તત્કાલ ટિકિટ રદ કરવવાની સ્થિતીમાં કેટલાક પૈસા પરત મળે તેવી રજૂઆત કરી હતી. હાલમાં પૈસા પરત મળતા નથી જેથી લોકો આના માટે આગળ આવતા નથી. છેલ્લી ઘડીમાં કાર્યક્રમ બદલાઈ જાય તો પણ ટિકિટ રદ કરાવતા નથી આવી સ્થિતીમાં તકલીફ ઉભી થાય છે. જો ટિકિટ રદ કરવાની સ્થિતીમાં પૈસા પરત મળશે તો ટિકિટ રદ કરાવવા માટે યાત્રીને પ્રોત્સાહન મળશે આનાથી તત્કાલ ટિકિટ મેળવી લેવા માટે વેટિંગમાં રહેલા લોકોને સીધો ફાયદો ફાયદો થશે તેમને ટિકિટ મળી શકશે. સાથે સાથે સ્ટેશન પર સામાન માટે ટ્રોલી મુકવાની માંગ પણ કરવામાં આવી છે. આ સ્થિતીમાં લોકોને રાહત મળી શકે છે. એક માંગણી એવ પણ છે કે ઓઅર બર્થ માટે વધારાના ચાર્જની જરૂર છે. ઉપરાંત તત્કાલ બુકિંગ યાત્રાના ૪૮ કલાક પહેલા કરતા કોઇ એક સમય તેની બુકિંગ થવી જોઈએ નહી. આવી સ્થિતીમાં પડાપડીને રોકી શકાશે.

૧૦.૬ ટકા પગાર વધારા માટે કંપનીઓની અપેક્ષા

નવીદિલ્હી,તા.૧૯

ગ્લોબલ ટેલેન્ટ, રિટાયરમેન્ટ અને હેલ્થ સોલ્યુશન પ્રોવાઈડર એવોન હેવીટે આજે વર્તમાન વર્ષમાં ભારતીય કંપનીઓ માટે ૧૦.૬ ટકા પગાર વધારાનો અંદાજ મુક્યો હતો. ૫૮૦થી વધુ કંપનીઓને આવરી લઈને કરવામાં આવેલો ૧૯માં વાર્ષિક પગાર વધારાના સર્વેમાં કંપની દ્વારા આ અંગેની વિગત રજૂ કરવામાં આવી છે. પગાર વધારાને લઈને ચિત્ર હવે સ્પષ્ટ થઈ રહ્યું છે. અંદાજિત પગાર વધારો વધારાના આંકડા છેલ્લા ત્રણ વર્ષમાં પગાર વધારાની સ્થિતિમાં સુધારાનો સંકેત આપે છે. લાઈફ સાયન્સ, એન્જિનિયરિંગ સર્વિસ, કેમિકલ અને મિડિયા જેવા સેક્ટરોમાં માર્કેટ સરેરાશ કરતા વધુ પગાર વધારો રહી શકે છે. જો કે, રિયલ એસ્ટેટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં આ વર્ષે પગાર વધારો વધુ રહે તેવ શક્યતા છે. બીજી બાજુ રિટેલ, ફાયનાન્સિયલ સંસ્થાઓ અને હોટલ જેવી ઈન્ડસ્ટ્રીમાં પગાર વધારો ઓછો રહે તેવી શક્યતા છે. સર્વેમાં ટોપ પરફોર્મર્સની વાત પણ કરવામાં આવી છે. જેના પગારમાં સરેરાશ પરફોર્મરના પગાર વધારા કરતા ૧.૬ ગણો વધુ પગાર વધારો મળી શકે છે. આ પ્રવાહ દર્શાવે છે કે, બેંકિંગ અને અન્ય ફાયનાન્સિયલ સર્વિસમાં વધારે લાભ મળી શકે છે.

રિઝર્વ બેંકે મોટી રાહત આપી

સોનાની આયાત નિયમ વધુ હળવા થયા : રિપોર્ટ

નવીદિલ્હી,તા.૧૯

જ્વેલર્સને મોટી રાહત મળે તેવા એક ઘટનાક્રમમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બુલિયન સ્વરુપમાં સોનાની આયાત માટે બેંકોને મંજુરી આપી દીધી છે. કન્સાઈગમેન્ટ આધાર પર સ્વરુપને મંજુરી આપી છે. સ્ટાર ટ્રેડિંગ હાઉસ તરીકે પણ તેની ગણતરી થઈ રહી છે. સોનાની આયાતને લઈને ધારાધોરણો આરબીઆઈ હળવા કર્યા બાદ હવે જ્વેલર્સને રાહત મળી શકે છે. સાથે સાથે સ્મગલિંગને રોકવામાં પણ મદદ મળી શકે છે. બજેટ પહેલા સરકારને સોંપવામાં આવેલા મેમોરેન્ડમમાં જણાવવામાં આવ્યું છે કે, ગોલ્ડ જ્વેલરીની નિકાસ એપ્રિલ ૨૦૧૩થી ફેબ્રુઆરી ૨૦૧૪ વચ્ચેના ગાળામાં ૪૫ ટકા ઘટીને છ અબજ ડોલર થઈ ગઈ છે.

ત્રાસવાદી ગતિવિધીઓમાં જોડાયા હોવાની શંકા

પશ્ચિમી ઉત્તરપ્રદેશમાંથી ૨૩ પાકિસ્તાની લાપતા

ગ્રેટર નોઈડા,તા. ૧૯

ખુબ જ સંવેદનશીલ ગણાતા પશ્ચિમી ઉત્તરપ્રદેશમાંથી ૨૩ પાકિસ્તાની નાગરિકો લાપતા થતા તંત્રમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. લાપતા થયેલા શખ્સો ત્રાસવાદી ગતિવિધીઓમાં સામેલ થયા હોવાના પ્રાથમિક અહેવાલ મળી રહ્યા છે. જેથી સુરક્ષા સંસ્થાઓ સામે પણ ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. મેરઠ મંડળના કમીશનર ભુપિન્દ્રસિંહે એનસીઆરમાં યુપીના તમામ જિલ્લાના ડીએમને પત્ર લખીને આ પાકિસ્તાની અંગે માહિતી એકત્રિત કરવા માટે સુચના આપી છે. સર્વિલાન્સ મારફતે આ પાકિસ્તાની નાગરિકો અંગે માહિતી એકત્રિત કરવા અને તેમની ભાળ મેળવવા માટે કહેવામાં આવ્યું છે. લાપતા થયેલા પાકિસ્તાની નાગરિકોમાંથી નવ મેરઠમાં, ત્રણ ગાજિયાબાદમાં, છ હાપુડમાં, ત્રણ બુલન્દશહેરમાં અને એક એક ગૌતમબુદ્ધનગર અને બાગપતમાં લાપતા થયા છે. કમીશનર તરફથી મોકલવામાં આવેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે આ શખ્સો આઈએસઆઈમાં સામેલ થવાની શંકા છે.

કમીશનરે એવા લોકો પર પણ નજર રાખવા માટે કહ્યું છે તે અચાનક અમીર બની ગયા છે. તેમની આવકના સાધન અંગે માહિતી મેળવી લેવા માટે કહેવામાં આવ્યું છે. મદરેસા પર ચાંપતી નજર રાખવા માટે પણ આદેશ જારી કરવામાં આવ્યા છે. એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટ કોલેજમાં અભ્યાસ કરતા કાશ્મીરી વિદ્યાર્થીઓ પર પણ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. બાગ્લાદેશીની પણ ઓળખ કરવા માટેના આદેશ જારી કરવામાં આવ્યા છે. પશ્ચિમી ઉત્તરપ્રદેશ પહેલાથી જ ત્રાસવાદીના મોટા કેન્દ્ર તરીકે છે. ઘણા વર્ષો પહેલા અબ્દુલ કરીમ ટુન્ડા ત્રણ ત્રાસવાદીઓ સાથે બુલન્દશહેરમાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૮માં દિલ્હી બ્લાસ્ટમાં સામેલ રહેલા ૧૩ ત્રાસવાદીઓમાં બુલન્દશહેરનો શકલી પણ હતો. ત્રાસાવાદી પ્રવૃતિને રોકવા હવે પગલા લેવામાં આવી રહ્યા છે.

વર્ષ ૨૦૧૪-૧૫માં અનાજ ઉત્પાદનમાં ૩ ટકાનો ઘટાડો

કુલ અનાજ ઉત્પાદન ૨૫૭ મિલિયન ટન રહેવા અંદાજ

નવી દિલ્હી,તા. ૧૯

દેશમાં અનાજના ઉત્પાદનને વધારી દેવા માટે શક્યત તમામ પગલા લેવામાં ાવી રહ્યા છે છતાં અનાજના ઉત્પાદનમાં વધારો થઇ રહ્યો નથી. હવે વર્ષ માટે કૃષિ મંત્રાલયના અંદાજ મુજબ દેશમાં અનાજ ઉત્પાદનમાં ત્રણ ટકા સુધીનો ઘટાડો થઇ શકે છે. વર્ષ ૨૦૧૪-૧૫માં અનાજ ઉત્પાદનમાં ત્રણ ટકાના ઘટાડાની વાત કરવામાં આવી છે. વર્તમાન પાક વર્ષ (જુલાઇ-જુન ગાળો)માં અનાજ ઉત્પાદન ૨૫૭.૦૭ મિલિયન ટન રહેવાનો અંદાજ છે. વર્ષ ૨૦૧૩-૧૪માં અનાજ ઉત્પાદન ૨૬૫.૫૭ મિલિયન ટન રહ્યું હતુ. નવેસરના આંકડા દર્શાવે છે કે જુલાઇ ૨૦૧૪-જુન ૨૦૧૫માં કુલ અનાજ ઉત્પાદન ૨૫૭.૦૭ મિલિયન ટન રહી શકે છે જ્યારે આ ગાળામાં ચોખાનુ ઉત્પાદન ૯૫.૭૬ મિલિયન ટન રહી શકે છે. આવી જ રીતે ઘઉનુ ઉત્પાદન ૯૫.૭૬ મિલિયન ટન રહી શકે છે. તેમજ કઠોળનુ ઉત્પાદન ૧૮.૪૩ મિલિયન ટન રહી શકે છે. વર્ષ ૨૦૧૪માં મોનસુનની સિઝન આદર્શ નહી રહેવાના કારણે અનાજ ઉત્પાદનમાં ઘટાડો થઇ શકે છે. ભારતને વિશ્વના બીજા સૌથી મોટા અનાજ ઉતાપદક દેશ પૈકી એક તરીકે ગણવામાં આવે છે. ઘઉના ઉત્પાદનમાં પણ આ વખતે ઘટાડો થઇ શકે છે.

અનાજ ઉત્પાદન ઘટી જવા માટે કેટલાક કારણો જવાબદાર છે. કપાસના ઉત્પાદનમાં પણ ઉતારચઢાવની સ્થિતી રહી છે. દેશમાં ઉત્પાદનને કઇ રીતે વધારી શકાય તે માટે ખાસ ભાર મુકવામાં આવનાર છે. સેરડીનુ ઉત્પાદન ૩૫૪.૯૬ મિલિયન ટન રહે તેવી શક્યતા દેખાઇ રહી છે. તમામ પેદાશોનુ ઉત્પાદન દેશમાં કઇ રીતે વધારી શકાય તેના પર ધ્યાન અપાયું છે.

આધુનિક પૃથ્વી-૨ મિસાઈલનું ફરીવખત સફળ પરિક્ષણ થયું

ભુવનેશ્વર, તા.૧૯

ભારતે આજે પરમાણુ સક્ષમ પૃથ્વી-૨ મિસાઈલનુંસફળ પરીક્ષણ કર્યું હતું. ભૂમિથી ભૂમિમાં પ્રહાર કરવામાં સક્ષમ આ મિસાઈલનુંપરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે મોટી સંખ્યામાં સંરક્ષણ નિષ્ણાતો અને વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. સ્વદેશીરીતે વિકસિત કરવામાં આવેલી આ મિસાઈલ ૩૫૦ કિલોમીટર સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. બેલાસોરમાં ચાંદીપુર ખાતે ટેસ્ટ રેંજથી આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સેના દ્વારા યુઝર ટ્રાયલના ભાગરુપે આ મિસાઈલનું પરીક્ષણ કરાયું હતું. સંરક્ષણ સુત્રોએ કહ્યું છે કે, આ અતિઆધુનિક મિસાઈલ ૫૦૦ કિલોગ્રામથી ૧૦૦૦ કિલોગ્રામ વોરહેડને લઈને ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે.

બીઈએલ આકાશ મિસાઈલ સિસ્ટમ બનાવશે : રિપોર્ટ

નવીદિલ્હી,તા. ૧૯

બેંગ્લોરમાં સ્થિત જાહેર ક્ષેત્રની સંરક્ષણ કંપની ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ હવે ભારતીય સેના માટે આકાશ મિસાઈલ સિસ્ટમનું ઉત્પાદન કરવાની યોજના ધરાવે છે. કંપનીના એક ટોચના અધિકારીએ આજે આ મુજબની માહિતી આપી હતી. એરો ઈન્ડિયા શોમાં ભાગ લેવા પહોંચેલા બીઈએલના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એસકે શર્માએ માહિતી આપતા કહ્યું હતું કે, અમે પહેલાથી જ ઈન્ડિયન એરફોર્સ માટે મિસાઈલ સિસ્ટમ સપ્લાય કરી રહ્યા છે. હાલમાં જ ભારતીય સેના માટે ટ્રાયલની પ્રક્રિયા પૂર્ણ કરી છે. અમે આઈએએફ માટે પહેલાથી જ આ સિસ્ટમ બનાવી રહ્યા છે. સેના માટે ઉત્પાદન ટૂંકમાં પુરુ થશે. આગામી બેથી ચાર વર્ષમાં ભારતીય સેનાને આ સિસ્ટમ આપી દેવામાં આવશે. સેનાએ હૈદરાબાદમાં સ્થિત અન્ય સંરક્ષણ પીએસયુ ભારત ડાયનેમિક્સ લિમિટેડ સાથે પણ એક કરાર કર્યો છે. બીડીએલ મિસાઈલ સિસ્ટમ માટે મુખ્ય ઈન્ટેગ્રેટર તરીકે છે. જ્યારે બીઈએલ તમામ મોટા સિસ્ટમને ઉપલબ્ધ કરાવશે જેમાં ફાયર કન્ટ્રોલ રડાર, કન્ટ્રોલ સિસ્ટમ, લોંગ રેંજ કેપ્ચર સર્વિલન્સ જેવી સિસ્ટમનો સમાવેશ થાય છે. સેનાથી આકાશ મિસાઈલ સિસ્ટમનું કુલ ઓર્ડર કદ બીડીએલ પાસે છે. આનું કદ ૧૪૦૦૦ કરોડની આસપાસનું છે.

સમાચાર ઝલક

- ધો-૧૨ સુધીનું શિક્ષણ મફત આપવાની માંગણી કરતા સંસદ સભ્યશ્રી પરિમલ નથવાણી.
- રાજકોટમાં લશ્કરી ભરતી મેળામાં ૩ હજાર યુવાનો ઉમટયા.
- દેશના શ્રેષ્ઠ શહેરોમાં વડોદરા-સુરતનો સમાવેશ.
- સોમવારથી રાજકોટ-દિલ્હી વિમાની સેવાનો પ્રારંભ થશે.
- અમદાવાદના રેવડી બજારમાં એક જ રાતમાં ૧૨ દુકાનોના તાળા તૂટયા.
- ગુજરાત દેશનું સૌથી ગરમ રાજય બન્યું. દક્ષિણ પશ્ચિમ પવનોથી ગરમી વધી.
- અમદાવાદમાં દિલ્હીના ઉદ્યોગપતિ ભવંરલાલ ૧૦૦ કરોડની સંપત્તિને ત્યજીને જૈન દીક્ષા લેશે.
- સૌરાષ્ટ્રના માર્કેટમાં ઘઉંની મબલખ આવક થતાં ચક્કાજામની સ્થિતિ સર્જાઈ.
- રાજકોટમાં અસામાજિક તત્વોનો છુટ્ટો દોર નામચીન ગુંડાને છોડાવી ગયા.
- આપની ઈફેક્ટ હસ્તો માંગનાર પોલીસે માફી માંગવી પડી.
- ઓસ્ટ્રેલિયામાં મળી આવી બે મોઢાવાળી માછલી.
- ઉંઘની દવાઓ મોત માટે કારણ બની શકે છે : અહેવાલ.
- ફિલ્મ અભિનેત્રી સની લિઓન ઘણી નવી ફિલોમાં ચમકશે.